# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-12-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિતલ પટેલ** વાંચે છે.

******************************************************

1) દિત્વાહ વાવાઝોડા ગ્રસ્ત શ્રીલંકાને ભારતની તમામ સહાયની ખાત્રી.

2) અટલ પેન્શન યોજનામાં 48% મહિલાઓ સાથે 8 કરોડ 34 લાખથી વધુ લોકોની નોંધણી.

3) ચાલુ વર્ષે નવેમ્બર મહિનાની કુલ વસ્તુ અને સેવા કર, GSTની આવક 0.7 ટકા વધીને 1.70 લાખ કરોડ રૂપિયાથી વધુની થઇ.

4) સરકારે મોબાઇલ હેન્ડસેટની વાસ્તવિકતા ચકાસવા માટે સંચાર સાથી એપના પ્રી-ઇન્સ્ટોલેશન માટે નિર્દેશો જારી કર્યા.

5) ભારતને પહેલી વાર ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર ડેમોક્રેસી એન્ડ ઇલેક્ટોરલ આસિસ્ટન્સ (IIDE) ના અધ્યક્ષ પદ માટે આમંત્રણ આપવામાં આવ્યું.

6) મહિલા FIH હોકી જૂનિયર વર્લ્ડકપ 2025માં ભારતનો નામીબિયા સામે પ્રથમ મેચમાં વિજય.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM SRILANKA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુઆર કુમાર દિસાનાયકે સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી. વાતચીત દરમિયાન, શ્રી મોદીએ શ્રીલંકાને બચાવ અને રાહત પૂરી પાડવા માટે ઓપરેશન સાગર બંધુ હેઠળ ભારત તરફથી સતત સહાયની ખાતરી આપી હતી.

વાતચીત દરમિયાન, રાષ્ટ્રપતિ દિસાનાયકે આપત્તિમાં ભારતની સહાય બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી અને બચાવ ટીમો અને રાહત સામગ્રીના તાત્કાલિક વિતરણની પ્રશંસા કરી હતી. તેમણે આ પ્રયાસો માટે શ્રીલંકાના લોકો વતી કૃતજ્ઞતા પણ વ્યક્ત કરી હતી.

પ્રધાનમંત્રીએ શ્રીલંકામાં ચક્રવાત દિત્વાથી થયેલા જાનહાનિ અને વ્યાપક વિનાશ માટે પણ સંવેદના વ્યક્ત કરી હતી.

# SITARAMAN APY

નાણામંત્રી નિર્મલા સીતારમણે ગઈકાલે લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, અટલ પેન્શન યોજના (APY) માં 8 કરોડ 34 લાખથી વધુ લોકોએ નોંધણી કરાવી છે. તેમાંથી 48% મહિલાઓ છે.

મે 2015માં શરૂ કરાયેલી આ યોજનાનો હેતુ નાગરિકો, ખાસ કરીને અસંગઠિત ક્ષેત્રના કામદારોને સાર્વત્રિક સામાજિક સુરક્ષા પ્રણાલી દ્વારા સશક્ત બનાવવાનો છે. આ યોજના 18 થી 40 વર્ષની વયના નાગરિકો માટે છે જેમની પાસે બેંક અથવા પોસ્ટ ઓફિસમાં બચત ખાતું છે. લાભાર્થીઓ 60 વર્ષની ઉંમર પછી પેન્શન લાભ મેળવી શકે છે. આ લાભો 2035 માં શરૂ થવાની અપેક્ષા છે.

આ યોજના પોસ્ટ વિભાગ અને જાહેર ક્ષેત્રની બેંકો, ખાનગી બેંકો, પ્રાદેશિક ગ્રામીણ બેંકો, નાની નાણાકીય બેંકો અને સહકારી બેંકો સહિત બેંકોના વિશાળ નેટવર્ક દ્વારા લાગુ કરવામાં આવી રહી છે.

# GST COLLECTION-NOVEMBER

નવેમ્બર 2024 ની સરખામણીમાં ગયા મહિને કુલ વસ્તુ અને સેવા કર, GST કલેક્શન 0.7 ટકા વધીને 1.70 લાખ કરોડ રૂપિયાથી વધુ થયું. ગયા વર્ષે આ જ મહિનામાં કુલ GST આવક 1.69 લાખ કરોડ રૂપિયા હતી.

ઓક્ટોબરમાં સેન્ટ્રલ GST કલેક્શન 34 હજાર 843 કરોડ રૂપિયા અને સ્ટેટ GST 42 હજાર 522 કરોડ રૂપિયા હતું. ઇન્ટિગ્રેટેડ IGST કલેક્શન 92 હજાર નવસો દસ કરોડ રૂપિયા અને સેસ ચાર હજાર છ કરોડ રૂપિયા છે.

# SANCHAR SATHI APP

સરકારે મોબાઇલ હેન્ડસેટની વાસ્તવિકતા ચકાસવા માટે મોબાઇલ હેન્ડસેટમાં સંચાર સાથી એપના પ્રી-ઇન્સ્ટોલેશન માટે નિર્દેશો જારી કર્યા છે.

સાંભળીએ એક અહેવાલ

બાઇટ : MUKESH

# INDIA CHAIR IDEA

ભારતને પહેલી વાર ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર ડેમોક્રેસી એન્ડ ઇલેક્ટોરલ આસિસ્ટન્સ (IIDE) ના અધ્યક્ષપદ માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર ભારત વતી કાલે સ્ટોકહોમ, સ્વીડનમાં આ કાર્યક્રમની અધ્યક્ષતા કરશે. જ્ઞાનેશ કુમારે જણાવ્યું હતું કે, આજે સમગ્ર વિશ્વ ભારતને મુક્ત, ન્યાયી અને પારદર્શક ચૂંટણીઓ સફળતાપૂર્વક યોજવા બદલ ઓળખે છે અને તેનું સ્વાગત કરે છે. તેમણે કહ્યું કે આ ભારતના તમામ નાગરિકો અને ચૂંટણી કાર્યકરો માટે ગર્વની ક્ષણ છે.

## બાઇટ: જ્ઞાનેશ કુમાર

૧૯૯૫માં સ્થાપિત, ઇન્ટરનેશનલ IIDE એક આંતર-સરકારી સંસ્થા છે, જેમાં ૩૭ વર્તમાન સભ્યો છે, જેમાં અમેરિકા અને જાપાન નિરીક્ષકો તરીકે સામેલ છે. ભારત એક સ્થાપક સભ્ય છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## KASHI TAMIL SHANGAMAM

**કાશી-તમિલ સંગમમનું ચોથું સંસ્કરણ આજથી ઉત્તર પ્રદેશના વારાણસીમાં શરૂ થશે.**

**કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સંયુક્ત રીતે આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે, જેનો હેતુ ઉત્તર અને દક્ષિણ વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવાનો છે. ભવ્ય ઉદ્ઘાટન સમારોહ આજે સાંજે નમો ઘાટ ખાતે યોજાશે.**

**સાંભળીએ એક અહેવાલ**

બાઇટ: SHUSHIL

# WOMENS HOCKEY JUNIOR WORLD CUP

ભારતે ચિલીના સેન્ટિયાગોમાં નામિબિયા સામે ૧૩-૦થી શાનદાર વિજય સાથે મહિલા FIH હોકી જુનિયર વર્લ્ડ કપ ૨૦૨૫માં પોતાના અભિયાનની શરૂઆત કરી.

જ્યોતિ સિંહની આગેવાની હેઠળની ભારતીય ટીમને પુલ Cમાં જર્મની, આયર્લેન્ડ અને નામિબિયા સાથે મૂકવામાં આવી છે. પૂલની પહેલી મેચમાં જર્મનીએ આયર્લેન્ડને ૭-૧થી હરાવ્યું.

ટુર્નામેન્ટના ઇતિહાસમાં પહેલી વાર, ૨૪ ટીમો સ્પર્ધામાં છે. બધી ટીમોને ચાર-ચારના છ પૂલમાં વહેંચવામાં આવી છે. ભારતને પૂલ Cમાં શરૂઆતના ચેમ્પિયન જર્મની, આયર્લેન્ડ અને નામિબિયા સાથે મૂકવામાં આવ્યું છે.

વર્ષ ૨૦૧૩માં, ભારતે આ સ્તરે કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. ભારત બુધવારે જર્મની અને શુક્રવારે આયર્લેન્ડ સામે પોતાનો આગામી પૂલ મેચ રમશે. આ તેમનો અંતિમ પૂલ સ્ટેજ મેચ હશે.

# SPECIAL TRAINS

મધ્ય રેલ્વે ડૉ. બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ દિવસ 2025 નિમિત્તે 12 મધ્યરાત્રિ વિશેષ લોકલ દોડાવશે.

ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ દિવસ 2025 નિમિત્તે મુસાફરોની સુવિધા માટે મધ્ય રેલ્વે શુક્રવાર-શનિવાર મધ્યરાત્રિએ પરેલ-કલ્યાણ અને કુર્લા-પનવેલ સ્ટેશનો વચ્ચે 12 વધારાની ઉપનગરીય વિશેષ

ટ્રેનો ચલાવશે. આ ઉપનગરીય વિશેષ ટ્રેનો બધા સ્ટેશનો પર રોકાશે. વિગતો મધ્ય રેલ્વેની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

# CBI

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI) એ ભૂતપૂર્વ ગૃહમંત્રી મુફ્તી મોહમ્મદ સઈદની પુત્રી ડૉ. રૂબૈયા સઈદના અપહરણ સાથે સંકળાયેલા 35 વર્ષ જૂના કેસમાં ભાગેડુ શફાત અહેમદ શાંગલુની ધરપકડ કરી છે.

આરોપીએ યાસીન મલિક અને અન્ય લોકો સાથે મળીને અપહરણનું કાવતરું ઘડ્યું હતું. ભાગેડુ શફાત પર 10 લાખનું ઇનામ હતું. હવે તેને જમ્મુની ટાડા કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ...

- આજના તમામ અખબારોએ વિવિધ સમાચારોની હેડલાઈન બનાવી છે...
- દિવ્ય ભાસ્કર લખે છે CBI ડિજિટલ એરેસ્ટ કૌભાંડની તપાસ કરે, જરૂર હોય તો ઈન્ટરપોલની મદદ લે- સુપ્રિમ....
- સંદેશની હેડલાઈન છે સિગારેટ, તમાકુ, પાન- મસાલા વધુ મોંઘા થશે....
- ગુજરાત સમાચાર પ્રથમ પાને લખે છે SIR મુદ્દે વિપક્ષનો હોબાળો- લોકસભામાં કામકાજ ઠપ્પ...
- સંસદમાં પહેલા દિવસથી SIRનો વિવાદ, બંને ગૃહ ખોરવાયા આ હેડલાઈન છે નવગુજરાત સમયની...
- ફૂલછાબની હેડલાઈન છે નવેમ્બરમાં જીએસટી કલેકશન 1.70 લાખ કરોડ રૂપિયા....